# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 19-06-2024 સવારે : 7.10 થી 7.20

- ✓ કરાર આધારિત જ્ઞાન સહાયકોની ભરતી સામે વિદ્યાર્થીઓનો વિરોધ – કાયમી ભરતી કરવાની માંગણી.
- ✓ સ્કૂલ વર્ધી વાહનોના એસોસિએશનની હડતાળના પગલે વિદ્યાર્થીઓ અને વાલીઓને મુશ્કેલીઓ.
- ✓ ચારધામમાં યાત્રાળુઓ માટે નોંધણી કરાવવી ફરજિયાત હોવાનું રાજ્ય સરકારે જણાવ્યું.
- ✓ આજે વિશ્વ સિકલ સેલ દિવસ. - રાજ્ય સરકાર દ્વારા સિકલ સેલ એનીમિયા નિયંત્રણ કાર્યક્રમ હેઠળ શારીરિક તપાસ કરવામાં આવશે.
- ✓ રાજ્યના અનેક શહેરોમાં ગરમી યથાવત. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાંક જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની હવામાન ખાતાની આગાહી.

## Tat-Tat students boycott

ગુજરાત સરકારે કાયમી શિક્ષકોની ભરતી કરવાના બદલે કરાર આધારિત જ્ઞાનસહાયકોની ભરતી શરૂ કરી છે. ત્યારે ગઈ કાલે ટેટ-ટાટ પાસ થયેલા ઉમેદવારો કાયમી ભરતી કરવાની માગ સાથે ગાંધીનગર ખાતે એકઠા થયા હતા અને સરકારની નીતિનો વિરોધ કર્યો હતો. ગાંધીનગરના પથિકાશ્રમ પાસે આંદોલન કરી રહેલા ઉમેદવારોની પોલીસે ટીંગાટોળી કરી અટકાયત કરી હતી. તેમણે જ્ઞાનસહાયક નહીં, પણ કાયમી શિક્ષકોની ભરતી કરવા માગ કરી છે.

.................

## School Van strike

સ્કુલ વર્ધી વાહનોની પરમિટ સહિતનાં નિયમોને પગલે એસોસિએશનની હડતાળને કારણે અમદાવાદ સહિત રાજ્યભરનાં વિદ્યાર્થીઓ અને વાલીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે.

ઉલ્લેખનીય છે કે રાજકોય ગેમ ઝોન દુર્ઘટના બાદ સમગ્ર રાજ્યમાં ફાયર સેફ્ટી સહિતનાં મુદ્દે તપાસ શરૂ કરવામાં આવી હતી, જેમાં સ્કુલ વર્ધીનાં વાહનોમાં પરમિટ, ફાયર સેફ્ટી ઉપકરણો, બાળકોને બેસવાની ક્ષમતા સહિતનાં મુદ્દે કાર્યવાહી કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.

દરમિયાન, રાજ્યન  પ્રવક્તા મંત્રી ઋશિકેશ પટેલે જણાવ્યું હતું કે, બાળકોની સલામતીને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે અને સરકાર સકારાત્મક રીતે વિચારીને સ્કુલ વાનના સંચાલકો માટે નિયમો બનાવી રહી છે, જેની જાહેરાત હવે પછીથી કરવામાં આવશે.

.................

## CHAR DHAM YATRA ADVISROY

ચારધામ યાત્રામાં શ્રધ્ધાળુઓના ધસારાને પહોંચી વળવા તેમજ સલામતીને ધ્યાનમાં લઇને ઉત્તરાખંડ સરકારે સૂચન જાહેર કરી છે.

જેમાં જણાવાયું છે કે દરકે યાત્રાળુઓએ નામની નોંધણી કરાવવી ફરજીયાત છે., જેમની નોંધણી થઇ હશે તેમને જ ચેકપોષ્ટ પરથી આગળ જવા દેવાશે..

આ ઉપરાંત નોંધણી થઇ હોય તેમને ચોકક્સ તારીખ આપવામાં આવેલી હોય છે તે તારીખોનું પણ ચુસ્તપણે પાલન કરવાનું જણાવાયું છે. આ એડવાઇઝરીમાં ટૂર ઓપરેટર્સને પણ કહેવાયું છે કે તેમના યાત્રીઓના નામની નોંધણી થઇ છે કે નહીં તેની ચકાસણી કરવાની રહેશે.. ગુજરાતમાંથી મોટાપાયે યાત્રાળુઓ ચારધામ યાત્રાએ જઇ રહ્યાં છે, ત્યારે ઉત્તરાખંડ સરકારની આ એડવાઇઝરીને ગુજરાત સરકારે લોકોની જાણકારી માટે પ્રસિધ્ધ કરી છે.

.................

## WORLD Sickle Cell Day

આજે 19મી જૂન વિશ્વ સિકલ સેલ દિવસ છે. સમગ્ર વિશ્વમાં આ બીમારી પ્રત્યે જાગૃતિ વધારવાના હેતુથી આ દિવસ મનાવવામાં આવે છે.

ગુજરાતમાં સિકલ સેલ એનિમીયા નિયંત્રણ હેઠળ લોકોની શારીરિક તપાસ કરવામાં આવશે.

આનુવંશિક રક્ત વિકૃતિ ધરાવતો આ રોગ મોટા ભાગે આદિવાસી સમુદાયમાં જોવા મળે છે.રાજ્યમાં આ  રોગ મુખ્યત્વે અંબાજીથી લઇને ઉમરગામ સુધીના પટ્ટામાં વસતા આદિજાતિ સમુદાયના લોકોમાં જોવા મળે છે, જેમાં અરવલ્લી, બનાસકાંઠા, સાબરકાંઠા, ભરૂચ, છોટા ઉદેપુર, દાહોદ, મહીસાગર, પંચમહાલ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ અને વલસાડ એમ 14 જિલ્લાઓનો સમાવેશ થાય છે.

આરોગ્ય અને કુટુંબકલ્યાણ વિભાગના નાયબ નિયામક ડો .જયેશ કટીરા એ આ રોગ અંગે વધુ માહિતી આપતાં જણાવ્યુ હતું કે .

(બાઈટ - ડો .જયેશ કટીરા)

.................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.................

## Rain

ગઈ કાલે રાજ્યનાં કેટલાંક  શહેરોને બાદ કરતાં મોટા ભાગનાં શહેરોમાં તાપમાન 40 ડિગ્રીની આસપાસ નોંધાયું હતું.

લોકોને ગરમીથી થોડી રાહત મળી હતી પણ હવામાં ભેજનું પ્રમાણ સામાન્યથી વધુ રહેતાં લોકો બફારાથી પરેશાન થયા હતા. અમદાવાદમાં દિવસભર ગરમી બાદ

મોડી સાંજે વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને વહેલી સવારે શહેરમાં અનેક સ્થળોએ છાંટા પડ્યા હતા.

ગઇ કાલે અમદાવાદ અને ગાંધીનગરમાં 41 ડિગ્રી સેલ્સિયલ અને ડિસા તથા વડોદરામાં 40 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

ગુજરાતમાં હાલ દરિયાકિનારાના વિસ્તારોમાં વરસાદ વરસી રહ્યો છે. સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટરની યાદી પ્રમાણે ગઈ કાલે સવારે છથી સાંજનાં આઠ વાગ્યા સુધી જૂનાગઢ, વલસાડ, સુરેન્દ્રનગર જિલ્લામાં એક ઇંચ અને ભરૂચ, અમરેલી તથા નવસારી જિલ્લામાં 15થી 20 મીલીમીટર જેટલો વરસાદ પડ્યો છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે, આવતી કાલે અરબી સમુદ્રમાં હવાનું દબાણ સર્જાશે અને મહારાષ્ટ્રનાં કેટલાંક ભાગોમાં ભારે વરસાદ થશે. 28 જૂન સુધીમાં સૌરાષ્ટ્રનાં કેટલાંક ભાગોમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે.

અમારા ભાવનગર જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે, ગઈ કાલે જિલ્લાના ચાર તાલુકામાં મેઘરાજાનું આગમન થયું હતું. શિહોર ,ગારીયાધાર ,પાલીતાણા અને મહુવા પંથકમાં અડધો ઇંચ જેટલો વરસાદ પડ્યો છે.

ગઈ કાલે સાંજના છ વાગ્યા સુધીમાં ભાવનગરના પાલીતાણામાં 11 મી.મી. ગારીયાધારમાં 4 મી.મી. અને સિહોરમાં 7 મી.મી. વરસાદ નોંધાયો છે. જ્યારે મહુવાના બગદાણા ,મોણપર ,કરમદીયા અને દેવગડા તથા આજુબાજુના ગામોમાં સાંજે છૂટો છવાયો વરસાદ પડ્યા ના અહેવાલો પ્રાપ્ત થયા છે.

.................

## GSEB HELPLINE

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ 10 અને 12 બોર્ડની પૂરક પરીક્ષાના અનુસંધાને વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડવા માટે ટોલ ફ્રી હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે.

જે આગામી 21 જૂનથી 4 જુલાઈ સુધી કાર્યરત રહેશે. ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર 1800 233 5500 પરથી સવારે 11થી સાંજે 5 વાગ્યા સુધી વિદ્યાર્થી તેમજ વાલીઓ માર્ગદર્શન મેળવી શકશે.

.................

## gsssb exam

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સિનિયર સર્વેયર વર્ગ 3 મહેસૂલ વિભાગ સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા આગામી 21 મી જુલાઇએ લેવાશે.

આ પરીક્ષા mcq પદ્ધતિથી લેવામાં આવશે. પરીક્ષાનો કાર્યક્રમ અને પ્રવેશ પત્ર સંબંધિત સૂચનાઓ મંડળની વેબસાઇટ પર હવે પછી પ્રસિધ્ધ કરવાંમાં આવશે તેમ મંડળની યાદીમાં જણાવાયું છે.

.................

## western railway officer comrade marathon

પશ્ચિમ રેલવેના વરિષ્ઠ અધિકારી સચિન અશોક શર્માએ દક્ષિણ આફ્રિકામાં યોજાયેલી કોમરેડ્સ મેરેથોન 2024માં નોંધપાત્ર સફળતા હાંસલ કરી છે.

શ્રી શર્માએ દક્ષિણ આફ્રિકાના ડરબનથી પીટરમેરિટ્ઝબર્ગ સુધીની 86 કિલોમીટરની મેરેથોન 11 કલાક અને 24 મિનિટમાં પૂર્ણ કરી હતી.અત્રે નોંધનીય છે કે આ મેરેથોન એ વિશ્વની સૌથી પડકારરૂપ લાંબા અંતરની દોડ સ્પર્ધામાંની એક છે.

વિશ્વની સૌથી જૂની અને અઘરી ગણાતી આ મેરેથોનમાં વિવિધ દેશોના 20 હજાર દોડવીરોએ ભાગ લીધો હતો.ઉલ્લેખનીય છે કે સચિન શર્મા આ અગાઉ ઘણી દોડ સ્પર્ધાઓમાં ભાગ લઈ ચૂક્યા છે.

.................

## jamnagar airport checking

વડોદરા એરપોર્ટને બૉમ્બ થી ઉડાવી દેવાની ધમકી ભર્યા મળેલા ઈમેલ ના પગલે વહીવટી તંત્ર દ્વારા રાજ્યભરના એરપોર્ટ પર સતર્કતા દાખવવામાં આવી રહી છે.

જેના પગલે ગઈકાલે જામનગરના એરપોર્ટ પર પણ બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોર્ડ અને ડોગ સ્કવોડ દ્વારા સઘન ચેકીંગ કરવામાં આવ્યું હતું. પોલીસ અને સુરક્ષા જવાનો દ્વારા બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.જોકે તપાસ દરમિયાન કશું વાંધાજનક મળ્યું ન હતુ.

.................

## porabandar drugs

પોરબંદરમાં ઓડદરના દરિયા કિનારેથી 12.28 લાખ રૂપિયાનું 8 કિલો 192 ગ્રામ ચરસ મળી આવ્યું છે.

અમારા પોરબંદરના પ્રતિનિધિ જણાવે છે કે તાજેતરમાં દ્વારકાના દરિયા કિનારેથી એક સપ્તાહ દરમ્યાન 61.86 કરોડ રૂપિયાનો 123 કિલો ચરસનો જથ્થો મળી આવ્યો હતો જેને પગલે પોરબંદર જિલ્લા પોલીસે દરિયા કિનારે તપાસ અભિયાન હાથ ધર્યું હતું.

તપાસ દરમ્યાન ઓડદર નજીકના દરિયા કિનારેથી છૂટા છૂટા અંતરેથી ચરસના 7 જેટલા પેકેટ મળી આવ્યા હતા. પોરબંદર એસઓજી તથા મદદનીશ પોલીસ અધિક્ષક અને ગ્રામ્ય પોલીસ દ્વારા સંયુક્ત તપાસ હાથ ધરવાંમાં આવી હતી.

.................

## Div death

દીવના નાગવા ગામ પાસેનાં દરિયામાં ડૂબી જવાથી એક યુવાનને બચાવી લેવામાં આવ્યો છે, જ્યારે બીજા યુવાનની શોધખોળ ચાલુ છે.

બન્ને મિત્રો કચ્છના માંડવીથી દીવ ફરવા આવ્યા હતા. દરિયાની નજીક પથ્થર પરથી ફોટો અને સેલ્ફી લેતા હતા તે સમયે અકસ્માતે દરિયામાં ડૂબી ગયા હતા. એક યુવાને દરિયાની ભાટ પકડી લેતા બચી ગયો હતો, જેને દીવની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

.................